# લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ દ્વારા આર્ટ ઓફ લીડિંગ સેમિનાર યોજાયો

**સેમિનારના** ચીફ એડવાઈઝર લાયન જયેશ દલાલના માર્ગદર્શન મુજબ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દિનેશ સુથાર દ્વારા સેમિનારને દીપ પ્રાગટ્ય કરીને ઉદઘાટન કરાયું

તસવીર :વિનોદ પંચાલ

(પ્રતિનિધિ) દાહોદ તા.24

તા. 22-જાન્યુઆરીના રોજ લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232એફ 1 દ્વારા દાહોદ મુકામે બ્લાઈન્ડ વેલ્ફર કાઉન્સિલિંગ હોલ માં ડિસ્ટ્રિક્ટ 3232 એફ 1 ના ઉત્સાહી જિ એલ ટી કો.ઓડીનેટર લાયન દિપક સુરાના દ્વારા લીડરશીપ સેમિનાર આર્ટ ઓફ લીડિંગ નું આયોજન કરવામાં આવેલ. સેમિનારના ચીફ એડવાઈઝર લાયન જયેશ દલાલ ના માર્ગદર્શન મુજબ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દિનેશ સુથાર દ્વારા સેમિનાર ને દીપ પ્રાગટ્ય કરી ને ઉદઘાટન કરવામાં આવેલ. મુખ્ય મહેમાન તરીકે લા રમેશ પ્રજાપતિ ઈન્ટરનેશનલ ડિરેક્ટર એન્ડોસી અને ગેસ્ટ ઓફ ઓનર લાયન વિજયસિંહ ઉમટ વિડીજી 1 લાયન મનોજ પરમાર વિડીજી 2 ની ઉપસ્થિતિ માં સેમિનાર માં ઉપસ્થિત પંચમદા ના લાયન મિત્રો ને લીડરશીપ ની ટ્રેનિંગ આપવા ફેકલ્ટી તરીકે લાયન જે પી ત્રિવેદી આઈ પી એમ સી સી લાયન કૃષ્ણકાન્ત દેસાઈ આઈ પી ડી જી દ્વારા ખુબજ સરસ રીતે લીડરશીપ અંગે ના પાઠ શીખવવામાં આવેલ રીજીયન 3 માં યોજાયેલ આ સેમિનાર માં રીજીયન ચેરમેન લાયન કેતન દવે ઝોન ચેરમેન લાયન શબ્બીર ઘડિયાળી લાયન ઈન્દ્રવદન પરમાર લાયન નીતિન શાહ ડિસ્ટ્રિક્ટ કેબિનેટ સેક્રેટરી લાયન યુસુફી કાપડિયા લાયન દિપક શાહ લાયન રિઝવાન મુલતાની લા. કમલેશ લીમ્બાચીયા લા. મહેન્દ્ર જૈન લા સોનલ દેસાઈ લા વિષ્ણુ અગ્રવાલ લા હેમંત વર્મા લા હિરેન દરજી લા કેતકી સોની લા નારાયણ વરિયા.. વડોદરા થી પીડીજી લા કિરણ જૈન રીજીયન ચેરમેન લા પરેશ પધારિયા લા કિશોર ઓઝા ઝોન ચેરમેન લા હેમંત વ્યાસ લા સુરેશ જાદવ લા ગીતા વસાવા લા અશોક જૈન લા રીના ધૂપીયા લા કિશોર પટેલ લા વૈશાલી વરને સાથે પંચમહાલ મહીસાગર દાહોદ વિસ્તાર ની તમામ લાયન્સ ક્લબ ના પ્રમુખ મંત્રી ડિસ્ટ્રિક્ટ ચેરમેન લાયન મેમ્બર્સ સાથે 100 જેટલાં લાયન મિત્રો ની ઉપસ્થિતિ માં આર્ટ ઓફ લીડિંગ ના લીડરશીપ સેમિનાર નું સફળ આયોજન લાયન દિપક સુરાના ડિસ્ટ્રિક્ટ જી એલ ટી કો. ઓરડીનેટર દ્વારા કરવામાં આવેલ સમગ્ર ડિસ્ટ્રિક્ટ માં તેમના દ્વારા આ ત્રીજા લીડરશીપ સેમિનાર નું સફળ આયોજન દાહોદ મુકામે કરવામાં આવ્યું હતું એના પહેલા નડિયાદ અને વડોદરા માં પણ ખૂબ જ સરસ લીડરશીપ સેમીનારનું આયોજન કરવામાં આવેલ.

## બોડેલીના અલીપુરા વિસ્તારમાં આધેડનો મૃતદેહ મળતા નગરમાં ચકચાર

(પ્રતિનિધિ) બોડેલી તા.24

બોડેલીના અલીપુરા વિસ્તારમાં આધેડનો મૃતદેહ મળતા નગરમાં ચકચાર મચી જવા પામી છે જ્યારે બનાવને લઈ બોડેલી પોલીસ ઘટના સ્થળ પર પોહચી મૃતદેહનો કબ્જો મેળવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

બોડેલીના અલીપુરા વિસ્તારમાં આવેલ જુના સરકારી દવાખાના પાસે બપોરના સમયે રોડની બાજુમાં આધેડનો મૃતદેહ મળતા નગરના ચકચાર મચી જવા પામી હતી. જ્યારે બનાવને લઈ રોડ પરથી પસાર થતા વાહનચાલકો સહિત લોકો એકત્ર થયા હતા. જ્યારે બનાવની જાણ બોડેલી પોલીસ તેમજ સરપંચને થતા બન્ને સ્થળ પર પહોંચ્યા હતા તદુપરાંત પોલીસે આધેડની ઓળખ માટે તજવીજ હાથ ધરી હતી જો કે પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી આગળની વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ આધેડની ઓળખ માટે અન્ય પોલીસ સ્ટેશનોમાં ફોટો મોકલી આપ્યો છે.

### કિરણ દવેએ શાળાનું નૈસર્ગિક વાતાવરણ અને બાળકોના ઉત્સાહની પ્રશંસા કરી

# વાકળ હાઈસ્કૂલમાં વાર્ષિક રમતોત્સવની ભવ્ય ઉજવણી

તસવીર : ચિંતન ગાંધી

(પ્રતિનિધિ) પાદરા તા.24

પાદરા તાલુકાના મોભા ખાતે વાકળ હાઈસ્કૂલ મોભા રોડ મા વાર્ષિક રમતોત્સવ ની ભવ્ય ઉજવણી ના ભાગ રૂપે લાયન્સ ક્લબ ઓફબરોડા સ્ટેડિયમ ડિરેક્ટર તથા વાકળ હાઈસ્કૂલ મોભારોડ ના સંયુક્ત ઉપક્રમે શાળા નો વાર્ષિક રમતોત્સવ પ્રસંગે કાયકમ ના મુખ્યઉદઘાટક કિરણભાઈ દવે (બીસીએ બરોડા કિકેટ એસોસિએશન કમિટી ના સભ્ય) . વાકળ કેળવણી મંડળ ના મંત્રી નરેન્દ્રભાઈ કેપટેલ. મંત્રી મિલિન્દભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાથમિક વિભાગ ની દીકરીઓએ સ્વાગત ગીત ધ્વારા સ્વાગત કરવામાં આવ્યું. શાળા ના ઈન્ચાર્જ આચાર્ય કે. એલ. વણકર એ મહેમાનો નું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું. શાળા ના વ્યાયામ શિક્ષક ડી. વી. મકવાણા એ ધ્વજ પરેડ ક્લેસથીક દાવ પિરામિડ લેઝીમ ડાન્સ જેવા જુદા જુદા એકટીવિટી કરાવી મહેમાનો ને મંત્ર મુગ્ધ કરી દીધા. મુખ્ય મહેમાન નાવરદ હસ્તે મસાલ પ્રગટાવી, ફટાકડા ફોડી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો. ઉદઘાટક કિરણ દવે એ શાળા નું નૈસર્ગિક વાતાવરણ અને બાળકોના ઉત્સાહની પ્રશંસા કરી. આવનારા સમયમાં ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ રમત(ગેમ) માટે ના માર્ગદર્શન માટે ની જરૂરીયાતહશે તો શાળા નો પરીવાર મદદરૂપ હશે અને સારા રમતવીરો બહાર આવી શકશે અને તેમજ શાળા અને તાલુકા નું નામ રોશન કરે અનેરમતો ખેલ દિલીપૂર્વક રમે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ શાળામાં વર્ષે દરમ્યાન 26મી જાન્યુઆરી ,તાલુકા જીલ્લા કક્ષાના કાર્યક્રમો, આણંદ મેળાઓ, વૈજ્ઞાનિક મેળાઓ , જન્માષ્ટમી, નવરાત્રી , 21મી જુન યોગા દીવસ, 15મી ઓગસ્ટ તેમજ ઉત્તરાયણ જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવે છે. અંતે રાષ્ટ્રગીત નું સામુહિક ગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

### વિનાયક ચતુર્થી એટલે કે ગણપતિ દાદાનો પ્રાગટ્ય દિવસ

# માંડવી ખાતે આવેલા મહાકાળી મંદિરે ગણેશ યાગનું આયોજન

**ચિંતામણી ગણેશ પ્રયોગ શરૂ કરવાનો શ્રેષ્ઠ દિવસ**

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વિનાયક ચતુર્થી એટલે કે ગણપતિ દાદાનો પ્રાગટ્ય દિવસ . આ દિવસે માંડવી ખાતે આવેલા મહાકાળી મંદિરે ચિંતામણી ગણેશજી ના સાનિધ્ય માં ભવ્ય ગણેશ યાગ નું આયોજન કરવામાંમાં આવ્યું છે અને સાથે મોદક આહુતિ આપવામાં આવશે.

કળિયુગમાં ગૌરી અને ગણેશ ત્વરિત પ્રસન્ન થતા દેવી દેવતા હોવાનું શાસ્ત્રો અને પુરાણોમાં વર્ણિત છે. શાસ્ત્રોમાં એવું પણ વર્ણન છે કે જે દેવાલય માં ગૌરી એટલે કે માતાજી અને ગણેશજીની મૂર્તિ અને યંત્ર પૂજા થાય છે તે કળિયુગ માં ઉત્તમ આરાધના સ્થાન તરીકે વરનાવાયું છે. પરંતુ આજના સમય માં આવા શાસ્ત્રોક્ત પદ્ધતિસરના મંદિરો બહુ ઓછા રહ્યા છે. તીર્થ ક્ષેત્રો સિવાય આવા મંદિરો વિશે લોકોને ખાસ જાણ પણ નથી.. ત્યારે વડોદરા કે જે નવનાથ નગરી તરીકે જાણીતી છે, ત્યાં હજી પણ આવા આધ્યાત્મિક ઊર્જા સભર મંદિરો છે. જે પૈકી વિકૃલ મંદિરની ગલી માં આવેલા અંશ પાવાગઢ તરીકે જાણીતા મહાકાળી મંદિર નો સમાવેશ થાય છે.

આ મંદિર નું કાળી ચૌદશે વિશેષ મહાત્મય છે. પરંતુ ઘણા ઘણા ઓછા શ્રદ્ધાળુઓ ને જાણ હશે, કે મહાકાળી માતાજીની સાથે અહી ચિંતામણી સ્વરૂપે ગણેશજી પણ વિરાજે છે. શાસ્ત્રોમાં ગણેશજીના વિવિધ સ્વરૂપ વરણાવ વામાં આવ્યા છે, જેમાં સિદ્ધિ વિનાયક, હેરંબ ગણેશ જેવા સ્વરૂપો સાથે ચિંતામણી ગણેશ નો પણ ઉલ્લેખ છે. શાસ્ત્રો અનુસાર જે ગણેશજી જમણી સૂંઢ સાથે તેમના હાથ માં પદ્મ નામક આયુધ હોય અને સાથે રિદ્ધિ સિદ્ધિ બિરાજમાન હોય તેમને ચિંતામણી સ્વરૂપ ગણવામાં આવે છે.

ચિંતામણી સ્વરૂપ ગણેશ ના દર્શન અને પૂજન થી મંગળ, બુધ અને કેતુ ગ્રહ ની ખરાબ અસરથી મુક્તિ મળે છે . જે લોકો ને કોર્ટ ,કચેરી, પોલીસ કેસ , જેવા પ્રશ્નો નો સામનો કરવો પડતો હોય ,તેમના માટે ચિંતામણી ગણેશની આરાધના સૌથી ઉત્તમ છે. જે સમસ્ત બાધા અને ચિંતાઓને હરે છે તેમને ચિંતામણી ગણેશ તરીકે ઓળખવા તેવો ગણેશ પુરાણમાં પણ ઉલ્લેખ છે.

આજે માઘી ગણેશ ચતુર્થી છે , એટલે કે આજે પાર્વતી માતા એ પોતાના શરીર ના મેલ માંથી ગણેશજી નું પ્રાગટ્ય કર્યું હતું. ત્યારે આજરોજ મહાકાળી કે જે પાર્વતીમાતા નું રૌદ્ર સ્વરૂપ છે , તેમની સાથે બિરાજતા ચિંતામણી ગણેશ કે જે ૧૭ મી સદી થી એટલે કે ત્રણસો વર્ષો ઉપરાંત થી વડોદરામાં સ્થાપિત છે તેમની સમક્ષ ગણેશ યાગ નું આયોજન કરવામાં આવ્યું છે.

બુધ્ધિના દેવતા એવા ગણેશજી ની વિનાયક ચતુર્થી આ વખતે બુધવારે આવી છે , જે ખૂબજ શુભ ગણવામાં આવે છે. આ અંગે મંદિરના પૂજારી શ્રી હેમંત મહારાજે જણાવ્યું હતું કે, ગણેશજી ની કૃપા વડોદરા વાસીઓ પર હમેશાં રહી છે. વડોદરામાં અનેક ગણેશ મંદિરો છે અને લોકો ને આ તમામ મંદિરોમાં ખૂબ શ્રધ્ધા છે. ત્યારે મહાકાળી માતાજી સાથે બિરાજતા ચિંતામણી ગણેશજી વિશે કહું તો અંશ પાવાગઢ તરીકે જાણીતા આ મંદિર ની બીજી ખાસિયત એ છે કે અહી ગૌરી (મહાકાળી) અને ગણેશજીની એક સાથે પૂજા થાય છે. જેથી ગૌરી ગણેશની સંયુક્ત કૃપા પ્રાપ્ત થાય છે.

મારા દાદા ના જણાવ્યા મુજબ મહેરાલ ગણેશ મંદિર ના તત્કાલીન મહંત શ્રી એ આ મૂર્તિ માંગી હતી અને મૂર્તિ ના વજન જેટલું સુવર્ણ આપવાનું કહ્યું હતું , પણ મારા દાદા એ આ વાતને હાથ જોડી ને નકારી હતી ,કારણકે માતા પુત્ર ની આ જોડીની પૂજા નું મહત્વ વિશિષ્ટ છે અને બંને ની જોડી ખંડિત કરવી એ બહુ મોટો અપરાધ છે.

વિનાયક ચોથ ના દિવસે સવારથી ગણેશ યાગ શરૂ થશે અને સાંજે ૫ વાગ્યે તેની પૂર્ણાહુતિ થશે. આ ગણેશ યાગ મંદિર દ્વારા ૧૦૦ વર્ષો માં પ્રથમ વાર યોજાશે.

ચિંતામણી ગણેશ પ્રયોગ વિશે શાસ્ત્રોમાં પણ ખૂબ વખાણ છે. આ પ્રયોગ વિશે હેમંત મહારાજે જણાવ્યું હતું કે , વિનાયક ચતુર્થી એ આ પ્રયોગ શરૂ કરવો જોઈએ જેમાં વ્યક્તિએ પોતાની ઊંચાઈ જેટલો એક દોરો લેવાનો રહે છે . આ દોરાને ગંગાજળ , નર્મદા જળ કે યમુના જળથી શુદ્ધ કરી , તે દોરા સાથે ચિંતામણી ગણેશજીના દર્શન કરવા અને તેમની મૂર્તિ સમક્ષ આ દોરા માં એક ગાંઠ બાંધવી ,આવું દર સુદ અથવા વદ ચોથ એ કરવાનું . બાકી આ દોરો ઘરના મંદિર માં રાખવાનો અને તેને ધૂપ બતાવતા રહેવાનો. આ વિનાયક ચોથ (માંઘી ચોથ થી આવતી બીજી માઘી ચોથ ( એક વર્ષનું વ્રત)સુધી આ ક્રમ ચાલુ રાખવાનો અને આવતી વિનાયક ચોથે આ દોરો મૂર્તિ પાસે મૂકી પછી પ્રસાદી સ્વરૂપે હાથમાં કે ગળામાં ધારણ કરવાથી મંગળ, બુધ અને કેતુ ગ્રહ શાંત રહેશે અને ગણેશજી ની કૃપા અવિરત પ્રાપ્ત થશે. આ પ્રયોગ માં કોઈ ખર્ચ નથી , જે રીતે શ્રધ્ધાળુઓ ચોથ ભરે છે તેજ રીતે આ પ્રયોગ કરવાનો હોય છે. ચિંતામણી ગણેશ પ્રયોગ માટે સિંહ,મેષ, વૃશ્ચિક, ધન અને મીન રાશિવાળા લોકોએ લાલ દોરાનો ઉપયોગ કરવો, જ્યારે મિથુન, કન્યા, વૃષભ, તુલા, મકર અને કુંભ રાશિના લોકોએ લીલા દોરાનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે કર્ક રાશિના લોકો લાલ કે લીલા કોઈ પણ રંગ ના દોરાનો ઉપયોગ કરી શકે છે.

## દાહોદમાં પરીક્ષા પે ચર્ચા અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં 100 બાળકોએ ભાગ લીધો

(પ્રતિનિધિ) દાહોદ તા.24

કેન્દ્રિય વિદ્યાલય દાહોદ ખાતે પરીક્ષા પે ચર્ચા અંતર્ગત ચિત્ર સ્પર્ધા માં વિવિધ શાળા ના 100 બાળકો એ ભાગ લીધો હતો.

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત દાહોદ ની કેન્દ્રિય વિધાલય ખાતે ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું પ્રધાનમંત્રી નરેંદ્ર મોદી લિખિત એક્ઝામ વોરિયર પુસ્તક માં વિધાર્થીઓ ને અપાયેલા મંત્રો આધારિત ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દાહોદ ની અલગ શાળા ના 100 જેટલા વિધાર્થી ઓ એ ભાગ લીધો હતો ચિત્રકળા ના તજજ્ઞો ની ટીમ દ્વારા શ્રેષ્ઠ પાંચ કૃતિ ને સન્માનીત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# તમામ સમાજના લોકોને ઘર મળી રહે એ માટે સરકારે યોજના બનાવી છે : લાભાર્થી મહેશ બારિયા

**સરકારે** વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ બનાવી તેનો સુચારૂ અમલ કરી લોકોનું જીવનધોરણ ઉંચું લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.24

પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દિનદયાલ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજના જેવી યોજનાઓ બનાવી સરકારે તમામ સમાજના ગરીબ લોકોને ઘરનું ઘર મળી રહે એવી યોજનાઓ અમલમાં મુકી છે એમ જેતપુર પાવી તાલુકાના કદવાલ ગામના લાભાર્ભી મહેશભાઈ બારિયાએ જણાવ્યું હતું.

સરકાર દ્વારા ગરીબ તબકાના લોકોની પ્રાથમિક જરૂરિયાતોને સંતોષી શકાય એ માટે વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ બનાવી તેનો સુચારૂ અમલ કરી લોકોનું જીવનધોરણ ઉંચું લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં દેશ કુદકેને ભૂસકે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે દેશના તમામ નાગરિકોને પણ સારી અને ગુણવત્તાયુકત સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટે સરકાર સતત પ્રયાસરત છે. વિશિષ્ઠ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોને પણ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે એ મકાટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાવીજેતપુર તાલુકાના કદવાલ ગામના નવાપુરા ફળિયામાં રહેતા મહેશભાઈ બારિયાને પણ પંડિત દિનદયાલ આવાસ યોજનાનો લાભ મળ્યો છે. માહિતી ખાતા સાથેની વાતચિતમાં તેમણે જણાવ્યું હતું કે, મને પંડિત દિન દયાલ આવાસ યોજના અંતર્ગત આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. પહેલા મારૂ દેશી નળિયાવાળું ઘર હતું. ચોમાસામાં વધારે વરસાદ થાય ત્યારે મારા ઘરમાં પાણી ગળવાથી મારી ઘરવખરી, અનાજ તેમજ બાળકોના દફતર પણ પલળી જતા હતા. આવાસ યોજનાનો લાભ મળવાથી મારા ઘરના બધાને ખૂબ આનંદ થયો છે. એમ જણાવી તેમણે આવાસની સાથે શૌચાલય પણ બનતા મારા ઘરની મહિલાઓને શૌચક્રિયા માટે હવે બહાર જવું પડતું નથી એમ વધુમાં ઉમેરી તેમણે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને દિલથી ધન્યવાદ આપ્યા હતા.

તસવીર : સંજય સોની

### સ્તનની ગાંઠોના સચોટ નિદાન માટે

# દાહોદની હોસ્પિટલમાં મેમોગ્રાફી મશીન મુકાયું

**ઝાયડસ** હોસ્પીટલમાં ગાંઠોના સચોટ નિદાન અને પરીક્ષણ, સ્ક્રીનીંગ માટે ખુબ ઉપયોગી મેમોગ્રાફી મશીનની ખોટ વર્તાતી હતી

(પ્રતિનિધિ) દાહોદ તા.24

દાહોદ શહેરની ઝાયડસ હોસ્પીટલના રેડિઓલોજી વિભાગમાં સ્તનની ગાંઠોના સચોટ નિદાન અને પરીક્ષણ, સ્ક્રીનીંગ માટે ખુબ ઉપયોગી મેમોગ્રાફી મશીનની ખોટ વર્તાતી હતી. સ્તન કેન્સરના વહેલા નિદાન અને સમયસર સારવાર માટે આ યંત્ર અનિવાર્ય છે. ત્યારે સોમવારથી સુવિધા મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સુવિધાના પ્રારંભ ટાણે ઝાયડસના સીઈઓ ડો.સંજયકુમાર, જનરલ મેનેજર પ્રકાશ પટેલ, રેડિયોલોજીસ્ટ ડો.શિવાન ચૌધરી અને પેથોલોજીસ્ટ એચઓડી ડો.ઈકબાલસિંગ ઉપસ્થિત રહ્યા હતા. સ્તન કેન્સર સ્તનની સાઈઝ-આકારમાં ફેરફાર, સ્તનની ચામડીમાં ફોલ્લીઓ થવી, સ્તનની આસપાસ દુખાવો કે સોજો આવવો, બગલમાં સતત પીડા થવી, ડીંટડી, નીપલમાંથી બ્લીડીંગ સ્તન કેન્સરના લક્ષણો હોય છે. ૪૦ વર્ષથી વધુ હો, કુટુંબમાં કોઈને સ્તન કેન્સર થયેલ હોય, મોટી ઉંમરે પહેલી સગર્ભાવસ્થા થયેલી હોય, વધુ પડતુ વજન અને બેઠાડુ જીવન હોય તો આ બીમારી હોઈ શકે છે. મોટાભાગના લોકો ડોક્ટર પાસે ત્યારે જાય છે જ્યારે કેન્સર અતિમ સ્ટેજમાં હોય છે. તે સ્થિતિમાં તબીબો પણ કંઈ કરી શકતા નથી ત્યારે આ સમસ્યા હશે તે મહિલાની બીમારી તાત્કાલીક અસરથી પકડમાં આવી જશે.

# ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા કંબોઈ મુકામે ખેડૂત ગ્રાહક જાગૃતિ શિબિર યોજાઈ

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા કંબોઈ મુકામે ખેડૂત ગ્રાહક જાગૃતિ શિબિર યોજવામાં આવી. દાહોદ તાલુકાના કંબોઈ ગામે ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ તરફથી યોજવામાં આવેલ ખેડૂત ગ્રાહક શિબિરમાં ગ્રાહક સુરક્ષા મંડળ તરફથી કમલેશભાઈ સુથાર, જીતેન્દ્રભાઈ પંચાલ, જેકોટ માધ્યમિક શાળાના શિક્ષક જશુભાઈની ઉપસ્થિતિમાં કંબોઈ ગામના ખેડૂત ભાઈઓએ હાજરી આપી હતી. જેમાં ગ્રાહક સુરક્ષા મંડળ તરફથી ખેડૂતોએ ખરીદી વખતે એગમાર્ક વાળી વસ્તુઓ ખરીદવી તેમજ ઈલેક્ટ્રીક સામાન આઈ.એસ.આઈ. માર્કાની વસ્તુઓ ખરીદવા માટે સમજાવવામાં આવ્યા હતા. તથા ખેતીવાડીની વસ્તુઓ ખરીદવા સમયે બિલ લેવાનો આગ્રહ રાખવા માટે જાણકારી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ તથા બહેનોએ હાજરી આપી શિબિર સફળ બનાવી હતી.

## ગતિવિધિ

### શ્રીકૃષ્ણ હિન્દુ વિદ્યાલયમાં 74માં ધ્વજવંદનનો કાર્યક્રમ સવારે 8.30 કલાકે યોજાશે

**વડોદરા :** યાદવ વિકાસ સંઘ સંચાલિત શ્રી કૃષ્ણ હિન્દુ ઉ.મા. વિદ્યાલય કારેલીબાગ, વડોદરામાં તા.26 જાન્યુઆરીને પ્રજાસત્તાક દિન નીમિત્તે 74 પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં કાઉન્સિલર મનોજભાઈ પટેલના વરદ હસ્તે શાળાના પટાંગણમાં ધ્વજ ફરકાવવામાં આવશે.

### અખિલ ગુજરાત રાજ્ય શાળા મંડળના સંયુક્ત મહામંત્રી તરીકે આર.સી.પટેલની વરણી

**વડોદરા :** શહેર શાળા સંચાલક વડોદરાના પ્રમુખ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરના પૂર્વ સભ્ય, એમ.એસ. યુનિવર્સિટીવ ડોદરાના પૂર્વ સેનેટર-સિન્ડિકેટ સભ્ય, શ્રી નારાયણ વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી આર.સી.પટેલની અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના સંયુક્ત માહમંત્રી તરીકે વરણી કરવામાં આવી તે બદલ શહેર શાળા સંચાલક મંડળ વડોદરાના સૌ સભ્યો વતી અભિનંદન પાઠવવામાં આવે છે.

# નસવાડી પોલીસ દ્વારા બે સ્થળે દરોડા : 6 જુગારીઓ ઝડપાયા : 9 ભાગી ગયા

**પોલીસે** 29990 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.24

નસવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે અલગ અલગ જગ્યાએ ચાલતા જુગાર ના અડ્ડા નસવાડી પોલીસ ઝડપી પડ્યા હતા જેમાં 6 ઈસમો પોલીસના હાથે લાગ્યા હતા જ્યારે 9 ઈસમો ઘટના સ્થળે થી ભાગી ગયા હતા દરોડામાં કુલ 29990 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નસવાડી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ફરતા ફરતા ગઢબોરીયાદ ગામ પાસે આવતા બાતમીદાર થકી બાતમી હકિકત મળેલ કે મોજે રાતાકાદવ ગામની સીમમાં આવેલ ડુંગરીમાં કેટલાક ઈસમો પત્તાપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડે છે બાતમી હકિકતવાળી જગ્યાએ દરોડા પાડતા ત્યાં કેટલાક ઈસમો જાહેરમાં ગોળ કુંડાળુ વળી પત્તા પાનાનો જુગાર રમતા હોય જેઓ પોલીસને દુરથી જોઈ જતા ઉભા થઈ નાશવા લાગેલા પોલીસ માણસોએ દોડી જઈ જુગાર રમતા ૩ (ત્રણ) ઈસમોને કોર્ડન કરી પકડી પાડેલ અને કેટલાક ઈસમો ડુંગરીની સીમમાં નાશી ગયેલ અને સ્થળ ઉપર જોતા પત્તા-પાના છુટા છવાયા પડેલ હોય તેમજ જુગારના ચાલુ દાવના મળી કુલ રૂપીયા ૭૫૫૦/- મળી આવેલ તથા પકડાયેલ ઈસમોનું નામ સરનામું પુછતા નં (૧) રમેશભાઈ બાલુભાઈ ભીલ (૨) રાજુભાઈ અંબુભાઈ તડવી (૩) રણજીતભાઈ નટુભાઈ ભીલ જણાવેલ ફરાર આરોપીના નામ (૧) પ્રભુભાઈ હીરાભાઈ ભીલ (૨) નરેંદ્રભાઈ ભીલ (૩) દિલીપભાઈ ગોપાલભાઈ ભીલ (૪) નરેશભાઈ જગાભાઈ ભીલ જુગાર રમતા ઈસમોની અંગઝડતીના રોકડા રૂપીયા ૫૨૩૦/- તથા મોબાઈલ નંગ-૦૩ કિંમત રૂપીયા ૧૫,૦૦૦/- મળી કુલ કુલ રૂપીયા ૨૩,૭૮૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

વાઘીયામહુડા ગામની સીમમાં જુગાર રમી-રમાડે છે પોલીસ બાતમી મળતા ઈસમો ઘરની પાછળ જુગાર રમતા ૦૩ ઈસમોને પકડી પાડેલ અને અમુક ઈસમો ખેતરોમાં નાશી ગયેલ છે. પકડાયેલ ઈસમો પાસેથી રોકડા રૂપીયા ૪૧૦/- મળી આવેલ પકડાયેલ ઈસમોના નામ (૧) ભગવાનદાસભાઈ રામદાસભાઈ ભીલ (૨) ગલુભાઈ શાંતીભાઈ ભીલ (૩) ગોવિંદભાઈ સિંગલાભાઈ ભીલ હોવાનુ જણાવેલ તેમજ ફરાર આરોપીના નામ (૧) ગુલાબભાઈ સુમનભાઈ ભીલ (૨) દિલીપભાઈ ઈશ્વરભાઈ ભીલ (૩) જમનાદાસ પ્રભુભાઈ ભીલ (૪) મફતલાલ રયજીભાઈ ભીલ (૫) રમેશભાઈ ગણપતભાઈ ભીલ હોવાનું જણાવેલ આમ જુગારના સાધનો તથા ચાલુ દાવના રોકડા રૂપીયા તથા અંગઝડતીના રોકડા રૂપીયા મળી કુલ કી.રૂ.૨,૨૧૦/- નો મુદ્દામાલ કબજે કરી પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

## શરીર સંબંધના ગુનામાં આરોપીને તડીપાર કરાયો

**વડોદરા :** માંજલપુર પોલીસ સ્ટેશનમાં શરીર સંબંધી પ્રવૃતિના ગુનામાં સંડોવાયેલા માથાભારે આરોપી રોમિલ ઉર્ફે બબલુ પહવાહી રાય (ઉ.વ.41 રહે. રોયલવિલા સોસાયટી વડસર વડોદરા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જેના વિરૂદ્ધ તડીપાર કરવા માટેની કાર્યવાહી કરતા મદદનીશ કમિશનર સી ડિવિઝનના હુકમના આધારે આરોપીને બે વર્ષની મુદત માટે વડોદરા શેહર તથા જિલ્લાની હદમાંથી તડીપાર કરાયો છે. આરોપીને અહિયાથી ભરૂચ જિલ્લા ખાતે મોકલી આપવામાં આવ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે રોમિલ ઉર્ફે બબલુ પહરવારી રાય સામે અગાઉ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાયા છે.

ગુજરાતમિત્ર
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
સરનામું :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)
આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com